# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 29-04-2025** **Morning : 7.10 to 7.20**
**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે કચ્છમાં 10 1 નિરણ કેન્દ્રોનો આરંભ કરાવીને સામાજિક અને ધાર્મિક કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેશે.**
2. **રાજ્યમાં રાઇટ ટુ એજ્યુકેશન કાયદા હેઠળ 86 હજાર કરતાં વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ અપાયો.**
3. **કચ્છમાં થયેલા અકસ્માતમાં એક જ પરિવારના ત્રણના મોત.**
4. **રાજ્યભરમાં આજથી ગરમીનો પારો બેથી ત્રણ ડીગ્રી ઉંચે જવાની હવામાન વિભાગની આગાહી - સૌરાષ્ટ્ર કચ્છમાં યલો એલર્ટ જાહેર.**
5. **જયપુરમાં રમાયેલી IPLની મેચમાં રાજસ્થાન રોયલ્સે ગુજરાત ટાઇટન્સને હરાવ્યું.**

-------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# CM KUTCH

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે કચ્છ જિલ્લાની મુલાકાતે છે. તેઓ વિવિધ લોકાર્પણ અને ધાર્મિક તેમજ સામાજીક કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેશે તેઓ અબડાસાના જખૌ ખાતે સંત ઓધવરામજી મંદિરના દર્શન કરશે. ત્યારબાદ મુખ્યમંત્રી જખૌ ઓધવધામ ખાતે નૂતન મંદિરના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે હાજરી આપશે.

મુખ્ય મંત્રીના હસ્તે 101 નિરણ કેન્દ્રનો પ્રારંભ થશે તથા 42 કન્યાઓને મુખ્યમંત્રીના હસ્તે કન્યાદાન કરવામાં આવશે.

---

# RTE ADMISSION

ગરીબ અને વંચિત બાળકોને શાળાઓમાં પ્રવેશ આપતા કાયદા રાઇટ ટુ એજ્યુકેશન અંતર્ગત વર્ષ 2025-26ના શૈક્ષણિક વર્ષ માટે વિવિધ શાળાઓમાં 86 હજાર 274 વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો છે.

રાજ્યની નવ હજાર સાતસો એકતાળિસ જેટલી બિન અનુદાનિત પ્રાથમિક શાળાઓમાં આ પ્રવેશ અપાયો છે. બે લાખ 38 હજાર જેટલી અરજીઓ પ્રવેશ માટે મળી હતી. ચકાસણી અને રદ કરેલી તેમજ વાલીઓ દ્વારા રદ કરાયેલી અરજીઓને અંતે પહેલા રાઉન્ડમાં આ પ્રવેશ અપાયો છે. પ્રવેશથી વંચિત રહેલા બાળકો માટે બીજા રાઉન્ડમાં ચકાસણીને અંતે પ્રવેશ આપવામાં આવશે

---

# KUTCH ACCIDENT

કચ્છ જિલ્લાના ભુજ  તાલુકાના પાલારા નજીક ખાવડા નેશનલ હાઇવે પર સર્જાયેલ અકસ્માતમાં પતિ, પત્ની અને બાળક સહિત ત્રણ લોકોના મોત થયા છે. આ દુર્ઘટનામાં બાઇક અને ટ્રેઈલર, ડમ્પર વચ્ચે ટક્કર થઈ હતી, જેમાં એક જ  પરિવારના ત્રણ સભ્યોના મોત થયા છે. અકસ્માતની ઘટના સર્જયા બાદ સ્થાનિક લોકોએ તાત્કાલિક અસરથી બચાવ કામગીરી શરૂ કરી હતી અને 108 એમ્બ્યુલન્સની મદદથી ઘાયલોને નજીકના દવાખાને ખસેડવામાં આવ્યા હતા.

---

# BHAVNAGAR WHEAL AMBREGIS

ભાવનગર એસઓજીએ શહેરમંથી એક વ્યક્તિ પાસેથી વ્હેલ માછલીની એમ્બેગ્રિસ ઝડપી હતી.

જેની કિંમત એક કરોડ 16 લાખથી વધુની છે.          પ્રતિબંધિત એવી આ એમ્બિગ્રિસનો ઉપયોગ અત્તર અને દવાઓ બનાવવામાં થાય છે. તેના વેચાણ પર પ્રતિબંધ છે. ત્યારે મળેલી બાતમીના આધારે પોલીસે  એક વ્યક્તિની ધરપકડ કરી હતી.

---

# WEATHER

રાજ્યમાં આજથી મહત્તમ તાપમાનમાં 2થી 3 ડિગ્રીનો વધારો થવાની સાથે બે દિવસ સૌરાષ્ટ્ર કચ્છમાં યલો એલર્ટની હવામાન વિભાગે આગાહી કરી છે. કચ્છ, મોરબી, સુરેન્દ્રનગર, રાજકોટમાં યલો એલર્ટ સાથે ગરમીનું મોજું ફરી વળવાની આગાહી કરવામાં આવી છે.

પહેલી મે દરમિયાન દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ અને ભેજવાળું વાતાવરણ રહેવાની શક્યતા છે.

આ અંગે વધુ માહિતી આપી રહ્યા છે હવામાન વિભાગના ડાયરેક્ટર એ.કે.દાસ.

## (બાઈટ- એ.કે.દાસ)

આજે અમદાવાદ અને આસપાસના વિસ્તારોમાં મહત્તમ તાપમાન 44 ડિગ્રી આસપાસ રહેવાની શક્યતા છે. જ્યારે ગઈકાલે સૌથી વધુ તાપમાન રાજકોટમાં 46.6 ડિગ્રી નોંધાયું હતું.

---

# GALELI

ઉનાળાની અંદર ગરમીથી બચવા માટે લોકો ઠંડા પીણાની મોજ માણી રહ્યા છે. ત્યારે ખુબ ઝુઝ જોવા મળતી ગલેલીની માગમાં વધારો થયો છે. સ્વાસ્થ્યપ્રદ ગલેલીનું સેવન ખુબજ ગુણકારી હોવાની સાથે ઉનાળામાં ઠંડક આપતું હોવાથી તેની વિશેષ માંગ છે.

**વર્ષની અંદર માત્ર 20 -25 દિવસ જ આ ફળ જોવા મળે છે જેને લઈને ગલેલી વેચતા ગુલાબભાઈ પટેલે વધુ માહિતી આપી હતી.**

## (બાઈટ - ગુલાબભાઈ પટેલ (ગલેલી વિક્રેતા)

---

# RAJKOT MEETING

**રાજકોટ ખાતે સુજલામ સુફલામ જળ અભિયાન કેચ ધ રેઇન 2.0 જિલ્લા અમલીકરણ સમિતિની બેઠક યોજાઈ હતી. આ અભિયાન અંતર્ગત રાજકોટ જિલ્લામાં વર્ષ 2025 દરમિયાન 674 લાખથી વધુ રૂપિયા ના ખર્ચે 398 કામો દ્વારા જળસંગ્રહની કામગીરી હાથ ધરાશે.**

**તળાવો ઉંડા કરવા, ચેકડેમોનુ ડીસીલ્ટીંગ તથા રીપેરીંગ, જળાશયોનું ડીસીલ્ટીંગ, તળાવોના પાળા અને વેસ્ટ વિયરનું મજબૂતીકરણ, નહેરોની સાફસફાઇ, મરામત તથા જાળવણી, નદી, વોંકળા, ગટરની સાફસફાઇ, નદી પુન: જીવિત કરવી, નવા તળાવો, નવા ચેકડેમો બનાવવા, વન તલાવડી,ખેત તલાવડી સહિતના કામો હાથ ધરાશે.**

---

# DANG BHOVAN RATHOD

ડાંગના પર્વતારોહક ભોવન રાઠોડે 17 હજાર 500 ફુટની ઊંચાઇ પર આવેલા કાબરૂ શિખરની ટોચ પર રાષ્ટ્રધ્વજ લહેરાવીને નવો વિક્રમ પ્રસ્થાપિત કર્યો છે.

ડાંગ જિલ્લાના ચિરાપાડા ગામનાં ભોવન રાઠોડની પસંદગી પશ્ચિમ બંગાળના દાર્જિલિંગ સ્થિત હિમાલય પર્વત સંસ્થામાં પર્વતારોહક તરીકે થઈ હતી. તેમણે 16 કીલો અને 700 ગ્રામના વજન સાથે માત્ર બે કલાકમાં જ શિખર સર કરીને નવો વિક્રમ સર્જ્યો છે.

આ સિધ્ધિ બદલ શ્રી રાઠોડને ગુજરાત સરકાર તરફથી 30 હજાર રૂપિયાનો રોકડ પુરસ્કારથી આપવામાં આવશે.

**(બાઈટ – ભોવન રાઠોડ)**

---

# AIRPORT CLEAN

અમદાવાદ એરપોર્ટે નવીનતા અને સ્વચ્છતા પ્રત્યેની તેની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવી છે. એરપોર્ટ દ્વારા અદ્યતન રોબોટિક ક્લીનર્સની રજૂઆત કરવામાં આવી છે, જે સફાઈ પ્રક્રિયાને વધુ કાર્યક્ષમ અને અસરકારક બનાવશે. આ રોબોટિક ક્લીનર્સ એરપોર્ટના વિશાળ વિસ્તારોને ઝડપથી સ્વચ્છ કરશે.

આ કોમ્પેક્ટ અને રિમોટ-ઓપરેટેડ રોબોટ્સ અત્યાધુનિક ટેકનોલોજીથી સજ્જ છે. તેઓ 360-ડિગ્રી કવરેજ ક્ષમતા ધરાવે છે. જે સમગ્ર વિસ્તારની સફાઈ કરવામાં

મદદ કરશે. અમદાવાદ એરપોર્ટ દ્વારા લેવામાં આવેલા આ નિર્ણયથી મુસાફરોને સ્વચ્છ અને આરોગ્યપ્રદ વાતાવરણ મળશે.

---

# Civil Hospital organ Donation

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં 48 કલાકમાં 10 લોકોને અંગદાનથી નવજીવન આપવામાં સફળતા મળી છે. અમદાવાદ સિવિલમાં અનિલ મરાંડી અને ભરમાભાઇ આ બે વ્યક્તિના અંગદાનથી ચાર કીડની , બે લીવર અને બે સ્વાદુપિંડ મળ્યા છે જે સિવિલ મેડીસીટી કેમ્પસની જ કીડની હોસ્પિટલના જરૂરિયાતમંદ દર્દીઓમાં પ્રત્યારોપણ કરવામાં આવશે.

ભરમાભાઇના અંગદાનથી મળેલ હૃદયને સિવિલ મેડીસીટી કેમ્પસની યુ. એન. મહેતા હોસ્પિટલના જરૂરિયાતમંદ દર્દીમાં પ્રત્યારોપણ કરવામાં આવશે અને અનિલભાઇના અંગદાનથી મળે લા બે ફેફસાને હૈદરાબાદની કીમ્સ હોસ્પિટલમાં દાખલ દર્દીમાં પ્રત્યારોપણ કરવામાં આવશે.

સિવિલ હોસ્પિટલ સુપ્રિટેન્ડેન્ટ ડો. જોષીએ વધુમાં જણાવ્યુ હતુ કે ,સિવિલ હોસ્પિટલ દ્વારા અત્યાર સુધીમાં કુલ 190 અંગદાતાઓ થકી કુલ 626 અંગોનું દાન મળેલ છે. આ 190 અંગદાતાઓ થકી 607 વ્યકિતઓને જીવનદાન મળ્યુ છે.

---

# IPL

IPLમાં ગઈકાલે જયપુરમાં રાજસ્થાન રોયલ્સે ગુજરાત ટાઇટન્સને આઠ વિકેટથી હરાવ્યું હતું. પ્રથમ બેટિંગ કરતા ગુજરાતે રાજસ્થાનને 210 રનનો લક્ષ્યાંક આપ્યો હતો, જે રાજસ્થાને સોળમી ઓવરમાં 212 રન બનાવીને સરળતાથી પ્રાપ્ત કરી લીધો હતો. રાજસ્થાન માટે , વૈભવ સૂર્યવંશીએ 38 બોલમાં સદી ફટકારી હતી યશસ્વી જયસ્વાલે અણનમ 70 રન બનાવ્યા હતા.

આજે દિલ્હી કેપિટલ્સનો સામનો કોલકાતા નાઈટ રાઇડર્સ સામે થશે. આ મેચ દિલ્હીમાં સાંજે સાડા સાત વાગ્યાથી રમાશે.

---

# AMBJAI ARTI

પ્રસિધ્ધ તીર્થસ્થાન શ્રી આરાસુરી અંબાજી મંદિર ખાતે આરતી તથા દર્શનના સમયમાં ફેરફાર કરાયો છે.

સૂર્યોદય અને સૂર્યાસ્તના સમયમાં ઋતુ પ્રમાણે ફેરફાર થવાથી અંબાજીમા આવતીકાલે 30 મી એપ્રિલ વૈશાખ સુદ ત્રીજથી 26મી જૂનને અષાઢ સુદ એકમ સુધી માતાજીની આરતી તથા દર્શનના સમયમાં ફેરફાર કરાયો છે.

આરતી સવારે સાત થી સાડા સાત, દર્શન સવારે સાડા સાત થી 10:45, રાજભોગ આરતી સાડા બારથી એક, દર્શન બપોર એકથી સાડા ચાર, આરતી સાંજે સાતથી સાડા સાત, દર્શન સાંજે સાડા સાતથી નવ વાગ્યા સુધીનો સમય રહેશે.

---